# "એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ"

કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આ.કૃ.યુ, ગોધરા ખાતે ચાલતા ડેવલપીંગ મોડેલ વીલેજ ઇન કોર્પોરેટિંગ ફાર્મ મિકેનાઇજેશન એન્ડ વોટરશેડ કન્સેપ્ટ પ્રોજેક્ટ અંતર્ગત અને આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાના સંયુક્ત રીતે તા. ૩૦/૦૯/૨૦૧૫ ના રોજ મુ. અગારા, તા. લીમખેડા, જી. દાહોદ ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ અને આધુનીક કૃષિ ઓજારોના નિદર્શન કાર્યક્રમ ડો. એમ. એલ. ગોર, આચાર્યશ્રી, કૃ.ઇ.ટે.કો. ગોધરા ની અધ્યક્ષતામાં તથા ડો. જી. જે. પટેલ, વડાશ્રી, આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાની પ્રમુખ ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં અગારા ગામના આગેવાનો દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી માથી પધારેલ અધિકારી અને કર્મચારીઓનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ ડો. જી. જે. પટેલ દ્વારા આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે નાના – નાના વિકસિત કૃષિ ઓજારોનો ઉપયોગ પોતાના ખેતરમાં કરવાથી તેના ખેતરનું કાર્ય કેવી રીતે સરળતાથી અને ઝડપથી થઈ શકે તેની સમજણ આપી.

કૃષિ યાંત્રિકીકરણ નું મહત્વ સમજાવતી વખતે ડો. પંકજ ગુપ્તા, સહ પ્રાધ્યાપક અને વડાશ્રીએ જણાવ્યું કે, ભારતમાં પ્રાચીન કાળથી જ કૃષિ ઓજારોનો ખેતી કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે તેમ છતાં હાલની પરિસ્થિતીમાં ખેત મજૂરોની ઘટતી જતી સંખ્યાને પહોચી વળવા અને ખેતીના વિવિધ કાર્યો સમયસર થઈ શકે તે માટે બળદ અને ટ્રેક્ટરથી ચાલતા આધુનીક ઓજારોનો ઉપયોગ કરવાની તાતી જરૂરિયાત છે. વધુમાં ડો. નવનીત કુમાર, સહ પ્રાધ્યાપક અને વડાશ્રીએ જણાવ્યું કે, ખેડૂતના ખેતરમાં તૈયાર થયેલ ખેતપેદાશને સીધું બજારમાં વહેચવાને બદલે તેના ઉપર કોઈ પ્રક્રિયા કરીને મૂલ્ય વર્ધન કરવાથી ખેતપેદાશનો વધારે ભાવ મળી શકે છે. ઈજ. આર. સી. સાળુંખે, મદદનીશ પ્રાધ્યાપકે ખેડૂતોને આપવામાં આવનાર વિવિધ વિકસિત કૃષિ ઓજારોના ઉપયોગ, રખરખાવ અને તેના ઉપયોગથી થનાર ફાયદાઓ વીગતવાર જણાવ્યા. તેમજ આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે ઑછા હોર્સપાવરનું ટ્રેક્ટર કેવી રીતે ફાયદાકારક છે તે પણ જણાવ્યું.

કાર્યક્રમના અંતમાં ડો. એમ. એલ. ગોર સાહેબે સદર યોજના અંગે વીગતવાર માહિતી આપી અને આ યોજના આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે કેવી રીતે ઉપયોગી છે તે સમજાવ્યું તેમજ હાલની આબોહવાકીય પરિસ્થિતી અને ઓછા વરસાદને કારણે ખેડૂતો સામે ઊભા થયેલ પ્રશ્નોના ઉકેલ લાવવા માટે ખેડૂત ભાઈઓએ આધુનીક ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને પોતાના ખેતરમાં ઉપલબ્ધ પાણી અને ઉર્જાની અસરકારક નિયોજન કરવાની જરૂરિયાત છે તેના ઉપર ભાર આપ્યો.

ડો. જી. એન. થોરાત, વિસ્તરણ શિક્ષણ નિષ્ણાંત, કે.વી.કે., દેવગઢ બારિયા દ્વારા કાર્યક્રમનું સૂત્ર સંચાલન કરવામાં આવ્યું તથા સર્વ મહાનુભાવો, ટી. આર. ટી. સી., દેવગઢ બારિયાના ઉપસ્થિત વૈજ્ઞાનીકશ્રીઓ અને ખેડૂત ભાઈઓનો આભાર માનવામાં આવ્યો.

બપોર બાદ ઉપલબ્ધ બધાજ કૃષિ ઓજારોનું ખેડૂતના ખેતર ઉપર નિદર્શન કરવામાં આવ્યું. ત્યાર બાદ અગારા ગામના પસંદ કરેલ ૬૦ પ્રગતિશીલ ખેડૂતોને તેના ખેતરમાં ઉપયોગ થનાર કૃષિ ઓજારોનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈજ. જે. જે. ચાવડા, સીનીયર રિસર્ચ આસિસ્ટન્ટ અને શ્રી એન. ડી. શર્મા, લેબ. ટેકનિશિયન, કૃ.ઇ.ટે.કો., ગોધરા તેમજ શ્રી બી. એન. બારીઆ, ટી. આર. ટી. સી., દેવગઢ બારિયા દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યા.














